# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ: ૨૪ અંક: ૪ જાન્યુઆરી ૨૦૧૪ પોષ ૨૦૭૦ સળંગ અંક: ૨૪૪

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી + રાજુ રાઠોડ + ઝેડ. એ. સિપોય

## Editorial...

### Volunteering: The Loudest Cry that We Don't Hear!

In a Hindi movie *Yeh Nazdeekiyan* (1982), the hero Marc Zuber, an advertising professional, is working upon an ad for a charity organization on the issue of deaf and dumb peoples' plight. He has completed the drawing that is to be used for this ad and is thinking about an adequate caption for it. When he is unable to come up with one, he turns to his wife, Shabana Azmi, and asks what it is about the deaf and dumb people that we, the normal people, don't understand or know. The wife responds that we can't hear them, no matter how loudly they shout or cry. This observation helps the husband to create a caption for the ad and he writes: **"The Loudest Cry that We Don't Hear!"** This event in the film sheds light on the plight of the deaf and dumb people but rather in a novel way. Instead of their physical inabilities, the caption of the ad draws attention to the lack of emotional empathy on the part of normal people for the sad plight of deaf and dumb people. This implicates the normal people in this issue and attempts to incite them to do something substantially to alleviate this social problem.

An event in India had attracted much attention of media which took place in the cities of Aurangabad and Kolhapur in Maharashtra. Groups of residents in both cities have banded together to set records for the number of luxury cars – BMW and Mercedes Benz – ordered in a single day! In October 2010, a group of wealthy Aurangabad residents took delivery of 150 Mercedes Benz saloons, in a deal worth an estimated 650 million rupees. Also in October 2010, a group of wealthy Kolhapur residents decided that if there is to be a mass purchase of luxury cars, their city should be second to none. In early December 2010, according to news reports, the group had swelled to 180 and they were aiming for 200, each of whom would place an order for a Mercedes Benz. Meanwhile, the wealthy residents of Aurangabad decided now to make a mass order of 101 BMW saloons (a deal worth an estimated 400 million rupees), which they took delivery of in January 2011. Aurangabad is a city of around 900,000 residents (2001 Census) while Kolhapur is home to around 500,000 residents (2001 Census). Until 15 years ago, both cities were centres of trade in agricultural produce, cotton and sugarcane being the respective dominant crops. The economic 'liberalisation' in India has clearly brought about the transformation whose effect we are seeing in the mass booking of luxury saloons. Now this is the unmistakable affirmation of Indian economic boom.

Now let us also look at the other side of the coin of this success story of new urban rich class. How do these purchases compare with living conditions in Maharashtra? Annual median household income in rural Maharashtra is 24,700 rupees (2005 data from the India Human Development Survey – this will have not much changed substantially given the debt shocks, agricultural stagnation and overall conditions of employment from 2007 onwards) while in urban Maharashtra it is 64,600 rupees. Thus the total amount spent in this period of 2010-11 by the wealthy luxury auto-obsessed groups in Aurangabad and Kolhapur is equivalent to the combined annual incomes of 29,721 households in urban Maharashtra and to the combined annual incomes of 77,732 households in rural Maharashtra. This statistical data clearly reveals the grim fact that the difference between rich and poor is increasing day by day: The rich becoming richer and the poor poorer! What about the rural condition in Aurangabad, given the sad truth of farmers committing suicide in 2012 because of draught! This comparative analysis results in the realization that India is rich country with poor farmers! In other words, the economic boom has given rise to two kinds of India: the rural India, out of the reach of this economic growth, which can be termed as 'Bharat' of the poor and dispossessed; and the rich urban India, with all the allurements of modern life styles, which can be

Continued...on Page 7

• ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) પ્રાયોજિત અને સરદાર પટેલ યુનિવર્સિટી હેઠળનાં સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગરમાં અનેકવિધ વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને લોકસમુદાય ભાગ લે છે.

- ૧૪ ડિસેમ્બર એટલે "રાષ્ટ્રીય ઊર્જા દિન ઉજવણી" જે સ્કુલના વિદ્યાર્થીઓને ભૌતિકશાસ્ત્ર વિભાગના શ્રી એસ.એન. ઝાએ પીપીટી તથા મૉડેલ દ્વારા વિસ્તૃત નિદર્શન બતાવ્યું હતું.

- દર વર્ષની જેમ આ વર્ષે પણ મકરસંક્રાન્તિ જાન્યુઆરી ૧૪ પૂર્વે 'પક્ષી બચાવો' જાગરૂકતા કાર્યક્રમ યોજાયો, જેમાં વી.પી. સાયન્સ કોલેજના ડૉ. રાજીવ ભટ્ટીએ પીપીટી-વિડીયો શો દ્વારા વિદ્યાર્થીઓને એ જાણકારી આપી કે પતંગની કાચવાળી દોરીથી પક્ષીઓને કેવી ઇજા થતી હોય છે અને તે નિવારવા શું કરવું જોઇએ. ૧૪ જાન્યુઆરીનો તહેવાર મકરસંક્રાન્તિ છે, ઉત્તરાયણ નથી.

- ૩૦ ડિસેમ્બર એટલે વિક્રમ સારાભાઇ વક્તૃત્વ સ્પર્ધા, જે છેલ્લા ૩૪ વર્ષથી સંસ્કાર મંડળ સાથે સંયુક્ત રીતે યોજાય છે. જેમાં આણંદ જિલ્લાનાં વિદ્યાર્થીઓ ભાગ લઇ ડૉ. વિક્રમ સારાભાઇનાં અવકાશ ક્ષેત્રે કરેલાં કાર્યને ફરી જીવંત કરે છે.

- Western Zone 'National Science Drama'માં આણંદની Pintos સ્કૂલે એક વિજ્ઞાન નાટક ગાંધીનગર મુકામે પ્રસ્તુત કર્યું હતું.

- રોજબરોજની ક્રિયાઓ સાથે કોમ્પ્યુટર એટલું વણાઇ ગયું છે કે હવે તેનાં અતિ ઉપયોગથી થતી તકલીફોને નિવારવાનું જ્ઞાન 'Office Ergonomics' પ્રોગ્રામ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટીનાં અલગ-અલગ વિભાગોનાં કોમ્પ્યુટર વાપરનારા કર્મચારીઓને અપાયું હતું. ડૉ. નિધિ ગુપ્તાએ expert તરીકે સેવાઓ આપી.

- આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી ખાતે આકાશદર્શનમાં Comet ISON તથા આકાશી ગ્રહો, તારાઓના દર્શનનો આનંદ માણ્યો હતો.

- યુનિવર્સિટીના FM રેડિયો પર "India's Moon & Mars Mission" પર PRLનાં ડૉ. નરેન્દ્ર ભંડારી તથા ડૉ. કે. એન. જોષીપુરાનો વાર્તાલાપ યોજાયો હતો.

- સરદાર પટેલ જન્મજયંતિ પ્રસંગે સાયન્સ સીટી, અમદાવાદ ખાતે યોજાયેલ પેઇન્ટીંગ સ્પર્ધામાં આણંદ જિલ્લો દ્વિતીય ક્રમે વિજેતા બન્યો હતો. જેમાં ધો.૬ની હેતવી શાહ (સૃષ્ટિ સ્કૂલ)એ જિલ્લાનું નામ રોશન કર્યું છે. રાજ્યકક્ષાના આવા કાર્યક્રમોમાં જિલ્લાની ટીમ આ લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા પસંદ કરીને મોકલવામાં આવે છે.

- વિક્રમ સારાભાઇ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લાનાં ૫૦ શિક્ષકો માટે ગણિત-વિજ્ઞાનની કાર્યશિબિરનું આયોજન કરાયું હતું.

- "DIET (District Institute of Education & Training" દ્વારા આણંદ જિલ્લાની સ્કૂલની વિજ્ઞાન-ગણિતનાં વિજેતા મૉડેલોને રાજ્ય કક્ષાએ મોકલવા માટે 'કૃતિ-સુધારણા'નું આયોજન થયું હતું.

- "Health For Adolescent "Girls"" પર Radio Talk તથા ગો.જો. શારદા મંદિર તથા કેન્દ્રિય વિદ્યાલયમાં ડૉ. નિપા મોદી (કરમસદ મેડિકલ) દ્વારા વિદ્યાર્થીનીઓ સાથે વાર્તાલાપ યોજાયો હતો.

- 'Snake Show' at CSC with 400 Students.

- Visit to "Science Express" (Bio-Diversity)

- **Radio Talk on:**

૧) સાપ આપણો મિત્ર - ડૉ. રાજીવ ભટ્ટી

૨) આપણાં સૂક્ષ્મજીવો

૩) Health for Adolescent Girls

૪) પૃથ્વીનું સંરક્ષણ - શ્રી ધવલ પટેલ, વિદ્યાનગર નેચર ક્લબ

૫) ધૂમકેતુ : સૂર્યમંડળનો એક અદ્ભૂત અતિથિ- પ્રો. કુમાર ત્રિવેદી

૬) 'GSBTM' (Bio Technology Mission) - ડૉ. માધવી જોષી, ડૉ. સુમિત વ્યાસ

- Bio-Technologyની ઉપયોગિતા તથા Bio-Corner વિશે વાર્તાલાપ યોજાયો હતો.

- "હિરોશિમા દિવસ" - ડૉ. કે. એન. જોષીપુરા

- "તરૂણાવસ્થા દરમ્યાન પોષણ" - ભાવનાબેન ચૌહાણ

- "રાષ્ટ્રીય પોષણ સપ્તાહ" - ડૉ. નિતા દવે, વિરાજબેન રાધેલિયા

- "વિશ્વ ધરતી દિવસ" - ડૉ. કે. એન. જોષીપુરા, ડૉ. ઉજ્વલ ત્રિવેદી

- MSW Students' field work training at CSC

- તે અંતર્ગત 'Blood Group Check up Camp' સ્કૂલનાં વિદ્યાર્થીઓ માટે

- MSW Students દ્વારા સ્કૂલમાં ગણિતનાં મૉડેલ મેકિંગનો પ્રોગ્રામ.

# ધૂમકેતુ : એક અવકાશીય નજારો અને નિરાશા

આપણે ખૂબ નસીબદાર છીએ કે 'COMET ISON'ની એક ઐતિહાસિક ઘટનાનો નજારો જોવા મળ્યો. જે ઓક્ટો.૧૩નાં અંતભાગથી વહેલી સવારે દેખાવાનો હતો. જે જાન્યુ. ૧૪ સુધી જોવા મળવાનો હતો, પણ સમયથી પહેલાં વિખેરાઇ ગયો. જેણે વિશ્વને અચંબો, ભય અને પ્રેરણા પૂરા પાડ્યા.

ધૂમકેતુ અર્થાત્ ધૂમ્ર=ધૂમાડા જેવી અને કેતુ અર્થાત્ ચોટલી-ધજા ધરાવનાર. મજાકમાં કહેવું હોય તો 'એક પૂંછડી સાથે સ્ટાર' ધૂમકેતુનું અંગ્રેજી નામ COMET લેટિન ભાષા ઉપરથી આવ્યું છે. જેનો અર્થ 'વાળ' થાય છે. ISONનું પૂરું નામ છે 'International Scientific Optical Network'.

ધૂમકેતુઓ હજારો વર્ષોથી ક્યારેક ક્યારેક આકાશમાં દેખાતા રહે છે. ૨૦૦૦ વર્ષ પહેલાં સૌપ્રથમ ચીન અને બેબીલોનનાં લોકોએ હેલીનાં ધૂમકેતુનું અવલોકન કર્યું હતું. જે એડમંડ હેલીનાં નામથી જાણીતો બનેલો.

વિશાળકાય ગ્રહો, ઉપગ્રહો, લઘુગ્રહો, વામન (ડવાર્ફ) ગ્રહો, ધૂમકેતુઓ વિગેરે અવકાશીય પદાર્થો સૂર્યનાં ગુરુત્વાકર્ષણને કારણે, કેપ્લરનાં નિયમ મુજબ સૂર્યની આસપાસ પરિક્રમણ કરે છે. સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર ૧૫ કરોડ કિલોમીટર જેટલું છે અને તે ૧ એસ્ટ્રોનોમિકલ યુનિટ (AU) તરીકે ઓળખાય છે. વામન ગ્રહો અને બીજા દૂરના ખડકો, સૂર્યની આસપાસ જે વિસ્તારમાં પરિભ્રમણ કરે છે તેને ક્વીપર બેલ્ટ (Kuiper Belt) કહે છે. આ બેલ્ટ સૂર્યથી આશરે ૩૦-૫૦ AU જેટલાં અંતરે આવેલ છે. ક્વીપર બેલ્ટ પછીનો સૂર્ય મંડળના સીમાડે આવેલ વિસ્તાર 'ઊર્ટ વાદળ' (Oort Cloud) તરીકે ઓળખાય છે. જે આશરે ૧૦૦૦૦ AU અર્થાત્ ૧ પ્રકાશ વર્ષ સુધી ફેલાયેલું છે. આ વાદળ લાખો-કરોડો બર્ફીલા પદાર્થો ધરાવે છે, જે સૂર્યની આસપાસ પરિભ્રમણ કરતા હોય છે. કેટલીકવાર તારાઓની નજીકથી પસાર થતાં આ પદાર્થોની ભ્રમણકક્ષાઓને અસર પહોંચે છે અને તે અંદરની તરફ ધકેલાય છે અને આમ આ પદાર્થો લાંબો આવર્તકાળ ધરાવતા ધૂમકેતુ તરીકે અંદરની તરફ ખેંચાઇ આવે છે.

ધૂમકેતુઓ સૂર્યની આસપાસ ઉપવલયાકાર કક્ષામાં ભ્રમણ કરતાં બરફ અને ધૂળનાં બનેલાં ખડકો છે. જેનો વિસ્તાર ૧૦૦ મીટરથી ઘણા કિમી. સુધીનો હોય છે. ધૂમકેતુ બરફ-થીજેલા પાણી, કાર્બન મોનોક્સાઇડ (Co), કાર્બન ડાયોક્સાઇડ ($CO_2$), હાઇડ્રોજન સાયનાઇડ (HCN) એમોનિયા, મિથેનોલ ($CH_3OH$) વિ.થી બનેલો હોય છે.

ધૂમકેતુ મુખ્યત્વે બે પ્રકારના હોય છે. ટૂંકાગાળાનાં અને લાંબાગાળાનાં, ટૂંકાગાળાના ધૂમકેતુ ક્વીપર બેલ્ટમાંથી આવે છે જ્યારે લાંબાગાળાના ધૂમકેતુ ઊર્ટ વાદળમાંથી આવે છે. જેમ જેમ ધૂમકેતુ સૂર્યની નજીક આવતો જાય છે, તેમ તેમ તેનાં ન્યુક્લિયસની સપાટીનું તાપમાન વધતું જાય છે અને બરફ પીગળવાથી વાયુઓ અને ધૂળનાં રજકણો બહાર ફેંકાય છે. સૂર્યની નજીક જતાં જ આ ભાગ અત્યંત સક્રિય બની જાય છે અને બે પૂંછડીઓ બને છે. સૂર્યની વિરુદ્ધ દિશામાં પીળાશ રંગની પૂંછડી ધૂળનાં રજકણો દ્વારા બને છે અને વાદળી રંગની પૂંછડી વાયુઓનાં આયનીકરણને કારણે દેખાય છે. ધૂમકેતુનાં કેન્દ્રભાગની ફરતે એક વાયુમય વાતાવરણ બને છે. જે કોમા (COMA)થી ઓળખાય છે.

ધૂમકેતુને નિહાળવો એ એક રોમાંચક લ્હાવો છે. ૨૦૧૩માં સૂર્યથી ખૂબ જ દૂર રહેલાં ઊર્ટ વાદળમાંથી ISON ધૂમકેતુ સૂર્યની નજીક આવ્યો હતો. આ ધૂમકેતુની શોધ સપ્ટેમ્બર ૨૦૧૨માં નોવીસ્નોક (Novichonok) અને નેવસ્કી (Nevski) નામનાં ખગોળશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવી હતી. જેનું વૈજ્ઞાનિક નામ C/2012 S1 આપવામાં આવ્યું છે.

ધૂમકેતુ જ્યારે પરિક્રમણ કરતો કરતો સૂર્યની નજીક આવે ત્યારે દરેક વખતે આપણે તેની નવી જ સપાટી જોતાં હોઇએ છીએ. જેને અત્યાર સુધીનો સૌથી વધારે પ્રકાશિત ધૂમકેતુ ધારવામાં આવ્યો હતો, પરંતુ સૂર્યની ખૂબ નજીકથી પસાર થવાને કારણે તે નવે. નાં અંત ભાગથી તૂટીને વિખેરાઇ ગયો હતો. ધૂમકેતુઓ વધુ પ્રકાશિત હોય તો નરી આંખે દર્શનીય છે, નહિં તો ટેલિસ્કોપની મદદથી તે જોઇ શકાય છે. ISON સૂર્યથી માત્ર ૧૨ લાખ કિલોમીટર દૂર હતો, જે સૂર્યોદયથી એક કલાક પહેલાં દેખાતો હતો. આ Sungrazer ધૂમકેતુ હતો. (કેમ કે તે સૂર્યની નજીકથી પસાર થનારો ધૂમકેતુ હતો.) લગભગ ૫ કિ.મી.ના વિસ્તારવાળા આ ધૂમકેતુની કક્ષા પરવલયાકાર હતી. દરેક વખતે જ્યારે ધૂમકેતુ પરિક્રમણ કરતો-કરતો સૂર્યની નજીક આવે છે, ત્યારે તે તેની પૂંછડી દ્વારા કેટલુંક દ્રવ્યમાન ગુમાવે છે, સામાન્ય રીતે ૧૦થી ૧૦૦ ટન પ્રતિ સેકન્ડનાં દરે !

સૂર્યમંડળના અવકાશીય પદાર્થોની અથડામણથી પૃથ્વી પર નિશાન (ક્રેટર-વિશાળ ખાડા) પડે છે. મહારાષ્ટ્રમાં લોનાર તેવો જ ખાડો મનાય છે.

પૂણેની 'જ્યોતિર્વિદ્યા પરિસંસ્થા' એ જે પ્રથમ ભારતીયની ધરતી પરથી કોઇ ધૂમકેતુની શોધ કરશે, તેનાં માટે એક લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર જાહેર કર્યો છે. ખ્યાતનામ ધૂમકેતુઓઃ

૧) હેલીનો (Halley's) ધૂમકેતુ :૧૯૮૬ - જે ફરીથી ૨૦૬૧માં દેખાશે.

૨) હ્યાકુટાકી (Hyakutake) ધૂમકેતુ :૧૯૯૬

૩) હેલ-બોપ્પ (Hale-Bopp) ધૂમકેતુઃ ૧૯૯૭

૪) મેક્નૌટ (McNaught) ધૂમકેતુઃ ૨૦૦૭

૫) લવજોય (Lovejoy) ધૂમકેતુ : ૨૦૧૧

૬) ISON ધૂમકેતુઃ ૨૦૧૩

કહેવાય છે કે, આજે આપણે જે પાણી પીએ છીએ તે ખરેખર પ્રાચીન સમયમાં પૃથ્વી સાથે અથડાયેલ ધૂમકેતુનાં કારણે હોઇ શકે !

ભારતમાં IIA અર્થાત્ Indian Institute of Astrophysics તેમાં ઘણો રસ લઇ રહી છે. આનાથી ભારતમાં Scientific temper ફેલાયો હતો. હવે એને sub-blown ISON Comet પણ કહેવાઇ રહ્યો છે.

તા. ૧૮-૧૧-૧૩ના રોજ વ્હેલી સવારે ૪ થી ૬ દરમ્યાન સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજિત કાર્યક્રમમાં ડૉ. બી. વાય. ઠાકોરના માર્ગદર્શન હેઠળ ટેલિસ્કૉપની મદદથી ૭૦ જેટલાં રસિકોએ ISON જોવાનો લ્હાવો લીધો. જેમાં કુલપતિશ્રી ડૉ. હરિશ પાઢે પણ રસપૂર્વક ISON ગ્રહો વિ. નિહાળ્યા હતા.

તમે પણ સારા બાયનોક્યુલર્સ-ટેલિસ્કૉપ લઇને ધૂમકેતુ શોધવાની શરૂઆત કરી શકો છો.

કોણ જાણે ક્યારે, ક્યાં મળી જાય !

ધૂમકેતુ વિશેનો અભ્યાસ ઘણો મહત્ત્વનો અને રસપ્રદ છે.

સંકલનઃ શ્રીમતી દર્શનાબેન પંડ્યા, પ્રોજેક્ટ ઓફિસર, કોમ્યુનિટી સાયન્સ સેન્ટર

# સ્વામી વિવેકાનંદની સાર્ધ જન્મ શતાબ્દી નિમિત્તે વિશેષ

શારીરિક શક્તિથી ભારતનો ઉદ્ધાર નહિ થાય; એનો ઉદ્ધાર તો થશે આત્માની તાકાતથી. એનો ઉદ્ધાર વિનાશ ધ્વજ લહેરાવવાથી નહિ થાય; અનો ઉદ્ધાર તો થશે શાંતિ અને પ્રેમનો ધ્વજ ફરકાવીને સંન્યાસીની કંથા ધારણ કરીને.

તમારા દિલમાં સૂતેલા દિવ્યત્વને જગાડો. ભૂખ ને તરસ સહન કરવા એ તમને શક્તિ આપશે; ગરમી ને ઠંડી વેઠી લેવા બળ આપશે; વૈભવશાળી મહાલયોમાં બેસવું, જીવનની સુખસામગ્રીમાં ડૂબી જવું અને થોડીક ધર્મ વાનગી પીરસવી એ અન્ય દેશો માટે ઠીક લેખાતું હશે! બાકી ભારતની પ્રેરણા તો કોઈ અનોખી જ છે. સ્વયંપ્રેરણાથી જ એ બનાવટી મહોરાને પકડી પાડે છે. તમારે એનો ત્યાગ કરવો પડશે. મહાન બનો, કોઈપણ મહાન કાર્ય બલિદાન વિના સિદ્ધ થતું નથી.

તમારા વૈભવવિલાસો જતા કરો; તમારાં સુખો, તમારી નામના, કીર્તિ યા પદવી, તમારું જીવન પણ ન્યોછાવર કરો; માનવસાંકળનો એક પુલ બનાવી દો એટલે એ દ્વારા કરોડો જીવનસાગર ઓળંગી જાય. કલ્યાણનાં સર્વ પરિબળો સંગઠિત કરો. ક્યા ધ્વજ નીચે તમે આગેકૂચ માંડો છો એની પરવા ન કરો; ભલે એ નીલવર્ણો, ભૂરો કે લાલ હોય. એ બધા જ રંગોનું મિશ્રણ કરી દો. શ્વેત રંગનો પ્રકાશિત ચમકાર પ્રગટ કરો. એ જ પ્રેમનો રંગ છે. આપણે કર્તવ્ય કરી છૂટવાનું છે, ફલપ્રાપ્તિ આપોઆપ થશે.

હું ભાવિમાં દૃષ્ટિપાત કરતો નથી. હું એ જોવા પણ માગતો નથી. પરંતુ એક આબેહુબ જીવંત દશ્ય હું જરૂર જોઈ રહ્યો છું. આપણી પ્રાચીન માતા ફરી એકવાર જાગ્રત થઈ છે. પોતાના સિંહાસન ઉપર પુનઃ યૌવન પ્રાપ્ત કરીને કરીને વિરાજી છે. અગાઉ કરતાં એ અનેક ગણી પ્રભાવિત જણાય છે. શાંતિને આશીર્વાદના સ્વરથી સમગ્ર જગતમાં એની ઘોષણા કરો.

પ્રેમ અશક્યમાં અશક્ય દરવાજા ખુલ્લા કરી દે છે. પ્રેમ વિશ્વના તમામ રહસ્યોનું સિંહદ્વાર છે. માટે મારા ભાવિ સુધારકો ! ભાવના રાખતાં શીખો. ભાવિ દેશભક્તો ! તમારા દિલમાં ભાવના છે ! દેવતાઓ અને ઋષિઓનાં કરોડો સંતાનો પશુત્વને આરે આવીને ઊભાં છે એમ તમને લાગે છે ? આજે કરોડો જીવો ભૂખમરો વેઠે છે એથી તમને વ્યથા થાય છે ? યુગોથી કરોડો ભૂખે મરતા આવ્યા છે એ વાતથી તમને દુઃખ થાય છે ? આ સમગ્ર દેશ પર અજ્ઞાન શ્યામ વાદળની પેઠે ફરી વળ્યું છે એ વાત તમને સમજાય છે ? એથી તમારો જીવ બેચેન બને છે ? એથી તમારી નિદ્રા ઊડી જાય છે? તમારા દિલમાં આ વાત સોંસરી ઊતરી ગઈ છે? તમારી રગેરગમાં વ્યાપી ગઈ છે ? તમારા હૈયાના ધબકારા સાથે એકતાન બની ચૂકી છે ? એથી તમે પાગલ જેવા બની ગયા છો ? પતનના દર્દની પેલી એક વાતે તમારા હૈયામાં ઘર કર્યું છે ? તમારી નામના, પદવી, કીર્તિ, પત્ની, સંતાનો, માલમિલકત, અરે ! તમારા દેહનું પણ તમે ભાન ભૂલી ગયા છો !

સૌજન્યઃ 'વિજય જ વિજય', વિવેકાનંદ કેન્દ્ર - કન્યાકુમારી, ગુજરાત પ્રાન્ત


## Subscribe Today

**Annual**
Students : Rs.10.00
Others : Rs.15.00
Institutions : Rs.100.00

**Life**
Faculty & Staff : Rs. 200.00
Institutions & Individuals : Rs. 500.00

Lifetime Subscription in Foreign Exchange:
US $ 100.00 € 75.00 £ 75.00

Contact: Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

Sheel Shrutam welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com, Website: www.spuvvn.edu

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar

Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.

## Teaching - Learning

- **42nd National Seminar on Crystallography (NSC-42)** and **International Workshop on Application of X-ray Diffraction for Drug Design** organised jointly by Indian Crystallographic Association (ICA) and Indian National Science Academy (INSA) at JNU Convention Centre, New Delhi during November 21-23, 2013. **Dr. U. H. Patel**, Department of Physics, Sardar Patel University has attended the conference and chaired one of the sessions. Seven research papers from X-ray laboratory of Department of Physics have been presented (orally) by the research students at the conference. To commemorate the International year of Crystallography 2014, The ICA India main Body unanimously gave its consent to host the next meeting **43rd National Seminar on Crystallography (NSC-43)** at Department of Physics, Sardar Patel University, along with two more hosts.

- The Research paper entitled **"Solvates of 4-Amino-N- (5-methoxy-2pyrimidinyl) benzenesulfonamide"** of **Prof. U. H. Patel** and **Sanjay M. Tailor**, P.G. Department of Physics, Sardar Patel University was awarded **Prof. Kailasam Venkatesan Award for the best oral presentation at the 42nd National Seminar on Crystallography (NSC-42)** and **International Workshop on Application of X-ray Diffraction for Drug Design** organized jointly by Indian Crystallographic Association (ICA) and Indian National Science Academy (INSA) at JNU Convention Centre, New Delhi during November 21-23, 2013.

- **Joseph Joel George** of M.Sc. Physics (Previous) won 1st Prize in Western Vocal Solo at the Sardar Patel University Youth Festival 2013-2014. He also represented Sardar Patel University at the West Zone Youth Festival to be held at Shivaji University, Kolhapur during December 26-30, 2013.

- પાલી-પ્રાકૃત-સંસ્કૃત અનુસ્નાતક વિભાગ (સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર) દ્વારા તા. ૨૭ ડિસેમ્બર ૨૦૧૩, શુક્રવારના રોજ સાહિત્ય, સમાજ અને વિજ્ઞાન વિષયક જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનસત્રની ઉદ્‌ઘાટન બેઠકની શરૂઆત પ્રો. સત્યપ્રકાશ દુબે, જયનારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુર રાજસ્થાનના વ્યાખ્યાનથી થઈ હતી. તેમણે વ્યાકરણની ઉપાદેયતા જેવા ગંભીર વિષયને ઉદાહરણ-પ્રતિઉદાહરણ દ્વારા રજૂ કરી વ્યવહારમાં તેની ઉપયોગિતા અંગે વિચારવિમર્શ રજૂ કર્યો હતો. ત્યારપછી પ્રો. ઉજ્જ્વલ ત્રિવેદી (કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર), જેમણે દૃશ્યશ્રાવ્ય માધ્યમ દ્વારા રોજિંદા જીવનમાં વિજ્ઞાન કેવી રીતે વણાયેલું છે અને વિજ્ઞાન વિના જીવનની કલ્પના જ ન કરી શકાય તેના કેટલાંક ઉદાહરણો આપી પ્રવાહી શૈલીમાં વિષયની રજૂઆત કરી હતી. ઉદ્‌ઘાટન બેઠકના અધ્યક્ષ મણિલાલ હ. પટેલે સાહિત્ય, સમાજ અને વિજ્ઞાન કવિતામાં કેવી રીતે વણાયેલાં છે તે અંગે વિવિધ સાહિત્યિક રચનાઓનાં ઉદાહરણો દ્વારા આગવી શૈલીમાં રજૂઆત કરી હતી.

જ્ઞાનસત્રની દ્વિતીય બેઠકના અધ્યક્ષ પ્રો. દયાશંકર ત્રિપાઠીએ હિન્દી સાહિત્યમાં નિરૂપિત સમાજ અને વિજ્ઞાન અંગેનો ચિતાર રજૂ કર્યો હતો. ત્યારબાદ એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના આચાર્ય પ્રો. ડી.યુ. પટેલે આજના સંદર્ભમાં શિક્ષણ અંગે ઊંડું ચિંતન-મનન રજૂ કર્યું હતું. તેમણે સાહિત્ય, સમાજ, વિજ્ઞાન અને શિક્ષણને જીવનના આધારભૂત પાયા ગણાવ્યા. વિદ્યાર્થીઓમાં કૌશલ્ય કેવી રીતે વિકસે તે વિષયક વિચારણા કરી હતી. જ્ઞાનસત્રના સમાપન સત્રના અધ્યક્ષ ડૉ. મનોજભાઈ પટેલે સાહિત્ય, સમાજ અને વિજ્ઞાનનો પરસ્પર સંબંધ તથા આ ત્રણે એકબીજાના પૂરક છે તેવું જણાવી વિદ્યાર્થીઓ આ દિશામાં વિચારશીલ બને અને પ્રયત્નશીલ રહે તેમ જણાવ્યું હતું.

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે તા. ૨ અને ૩ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ ચારુતર વિદ્યામંડળ પ્રાયોજિત "ગુણવત્તાના પદ ચિન્હો : ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનો દીર્ઘકાલીન વિકાસ" અંગે બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન શ્રી જી. નારાયણે "ગુણવત્તાના પદચિન્હો કેવી રીતે ઉત્પન્ન કરવા ?" તે અંગેના મહત્વના મુદ્દાઓની ચર્ચા કરી હતી. તેઓએ "ચાણક્ય અને ચન્દ્રગુપ્ત", "અર્જુન અને કૃષ્ણ", ડૉ. સી.એલ. પટેલ અને ન્યુ વલ્લભ વિદ્યાનગર, શિક્ષક અને વિદ્યાર્થીઓના ઉદાહરણ આપતા વિકાસ અંગે વક્તવ્ય આપ્યું હતું.

પરિસંવાદના બીજા સત્રમાં હોમ સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. રેખા ઈમાન્યુએલે નેક દ્વારા રી-એક્રેડીએશનમાં "એ" ગ્રેડ અંગેનો કેસ સ્ટડી રજૂ કર્યો હતો. તેવી જ રીતે વી.પી. સાયન્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. ભાવેશ પટેલે નેક એક્રેડીએશનમાં મેળવેલ "એ" ગ્રેડ અંગે મહત્વના મુદ્દાઓ ટાંકી કેસ સ્ટડી રજૂ કર્યો હતો.

પરિસંવાદના બીજા દિવસે ડૉ. જે.ડી. પટેલ, માનદ્ મંત્રીશ્રી, ચારુતર વિદ્યામંડળ-તેઓએ "સંશોધન બાબતોની ભૂમિકાઓ" અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. ડૉ. ભાલેન્દુ વૈષ્ણવે "સામાજિક દ્દષ્ટિકોણ" અંગે તેમનું હાર્દરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ કોલેજોના પ્રાધ્યાપકોએ પોતાના સંશોધન પત્રોની રજૂઆત કરી હતી. કાર્યક્રમના બીજા સત્રમાં એમ.બી. સાયન્સ કોલેજના પ્રો. ડૉ. રાકેશ પંચાલે પણ તેઓની કોલેજ દ્વારા રી-એક્રેડીએશનમાં મેળવેલ "એ" ગ્રેડ અંગેનો કેસ સ્ટડી રજૂ કર્યો હતો.

- સરદાર પટેલ યુનિવર્સિટીની એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગરમાં જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા અનુદાનિત અને કોલેજના સી.ટી.ઈ. પ્રોગ્રામ અંતર્ગત આણંદ તથા ખેડા જીલ્લાના માધ્યમિક-ઉ.મા. શિક્ષકોના સંવર્ધન હેતુ ત્રિ-દિવસીય સેમિનાર કમ વર્કશોપ તાજેતરમાં પ્રાચાર્ય તથા કોર્સ ડાયરેક્ટર પ્રિ. (ડૉ.) એન.આર. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઇ ગયો. સદર સેમિનારના મુખ્ય વિષય 'સંકલ્પના વિકાસ-પ્રતિમાન/પદ્ધતિઓ' અંતર્ગત શાળેય શિક્ષણમાં ઉપયોગી વિષયો અને પદ્ધતિઓનો અસરકારક સમન્વય કરી પ્રત્યેક વિષયની સંકલ્પનાઓની ઓળખ, વર્ગખંડ અધ્યયન-અધ્યાપન અને સંકલ્પના પ્રાપ્તિ-સિદ્ધિ માટે અવનવી ટેક્નીક્સ અનેક પ્રસંગો, દ્દષ્ટાંતો અને ઉદાહરણ દ્વારા તજ્જ્ઞોએ રજૂઆત કરી હતી. ત્રિ-દિવસીય સેમિનારમાં બન્ને જિલ્લામાંથી કુલ ૬૬ જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો. એજ્યુકેશન ફેકલ્ટીના ડીન ડૉ. સુલભા નટરાજ અને ડૉ. મહેશ યાજ્ઞિકે તજ્જ્ઞ તરીકે સેવાઓ આપી હતી. આ કાર્યક્રમના સંયોજક હતા ડૉ. જે.બી. પટેલ અને ડૉ. ડી.જી. પટેલ.

- ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ (સ્થાપના વર્ષ : ૧૯૧૬) દ્વારા સંચાલિત શ્રી આઇ.જે. પટેલ એમ.એડ્. કોર્સ, મોગરીમાં તાજેતરમાં નીચે મુજબના તજ્જ્ઞોના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રો. આઇ.જે. ઉપાધ્યાય (Ex-Reader): "Social Instructions and their role along with its effect on education".

પ્રો. કે. એસ. લિખિયા (અનુ. શિક્ષણશાસ્ત્ર વિભાગ, સ.પ. યુનિવર્સિટી): "Research Proposal".

ડૉ. ધીરજભાઇ પરમાર (એસોસીએટ પ્રોફેસર, આણંદ એજ્યુકેશન કોલેજ): "Book Review".

પ્રો. કે. એસ. લિખિયા (અનુ. શિક્ષણશાસ્ત્ર વિભાગ, સ.પ. યુનિવર્સિટી): "Qualitative Research".

પ્રો. એમ. કે. યાજ્ઞિક (અનુ. શિક્ષણશાસ્ત્ર વિભાગ, સ.પ. યુનિવર્સિટી): "Michel Foucault & Analysis of Philosophical and literary texts for educational purpose".

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન ખાતે વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત 'શિક્ષકો અને તેમનું ઉત્તરદાયિત્વ' વિષય સંદર્ભે આણંદ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કમલેશભાઇ પટેલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. એમણે જણાવ્યું હતું કે સામાન્ય પરિસ્થિતિ અને વ્યસ્તતા વચ્ચે પણ પ્રગતિ સાધી શકાય છે. શિક્ષણલક્ષી વહીવટી કામના અનુભવે કથળતા જતા શિક્ષણ માટે શિક્ષક જ જવાબદાર છે, તેવું કહી શિક્ષક પક્ષે કર્તવ્યનિષ્ઠા, ચારિત્ર્યશીલતા, નિર્વ્યસની, હૈયાસૂઝ, હકારાત્મકતા, નવોન્મેષની તત્પરતા અને શ્રદ્ધા જેવા ગુણો હશે તો જ શિક્ષણને ઉત્પાદનશીલ બનાવી શકાશે તેવું કહ્યું હતું. શિક્ષકો વિશિષ્ટ કુશળતાઓ હસ્તગત કરી, કારીગર મટીને કલાકાર બને તેની ખાસ જરૂર છે તેવું ભારપૂર્વક કહ્યું હતું.

- ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ (સ્થાપના વર્ષ : ૧૯૧૬) દ્વારા સંચાલિત શ્રી આઇ.જે. પટેલ એમ.એડ્. કોર્સ, મોગરીમાં તા. ૨૦-૧૨-૨૦૧૩ના રોજ SEBIના ઉપક્રમે એક દિવસીય Financial Education Workshopનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં SEBIના Resource Person તરીકે નિયુક્ત થયેલ ડી.એન. ઇન્સ્ટીટ્યુટ ઑફ પી.જી. સ્ટડીઝ ઇન કોમર્સના આચાર્ય ડૉ. જયેશભાઇ પુજારાએ તજ્જ્ઞ તરીકે પોતાની સેવા આપી હતી.

- **Dr. Raju M. Rathod** - Associate Professor, G.H. Patel P.G. Department of Business Management has been awarded status of **"National Trainer"** of Junior Chamber International-India. He qualified in National Trainer Workshop at Gwalior in April 2013, did his training assignments at Coimbatore, Erode and Salem (Tamilnadu) and awarded at National Convection of JCI-India held at Madurai (Tamilnadu) in December 2013.

## Extension

● ચારુતર વિદ્યામંડળ સંચાલિત વેમેડ કોલેજ ઑફ એજ્યુકેશનમાં ભારતીય વિચાર મંચના સહયોગથી ડૉ. એસ. એલ. ભૈરપ્પા લિખિત અને સિદ્ધા દ્વારા ગુજરાતીમાં અનુવાદિત "આવરણ" પુસ્તકનો વિમોચન તથા પરિસંવાદનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ચારુતર વિદ્યામંડળના માનદ્ કાર્યકારી મંત્રી પ્રો. જે.ડી. પટેલ હતા, મુખ્ય વક્તા "આવરણ" પુસ્તકના લેખક અને પ્રસિદ્ધ કન્નડ સાહિત્યકાર ડૉ. એસ.એલ. ભૈરપ્પા હતા. આ ઉપરાંત ભારતીય વિચાર મંચના પ્રદેશ મંત્રી શ્રી દેવાંગભાઈ આચાર્ય અને આણંદ એકમના પ્રમુખ ડૉ. મહેન્દ્રભાઈ નાઈ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. ભૈરપ્પા આપણા દેશના એક પ્રસિદ્ધ સાહિત્યકાર છે. તેઓએ ૬૦થી વધુ પુસ્તકો અને અનેક શોધ નિબંધો લખેલ છે. તેમના પુસ્તકોની અનેક આવૃત્તિ ભારતની લગભગ દરેક ભાષામાં અનુવાદિત થઈ બહાર પડેલ છે. તેઓશ્રીને તેમની "મંદ્ર" નામની નવલકથા માટે વર્ષ ૨૦૧૦માં ભારતના સાહિત્યનો સર્વોચ્ચ "સરસ્વતી પુરસ્કાર" પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત દેશ વિદેશના અનેક એવૉર્ડ અને સન્માન તેઓને અર્પણ થયેલ છે. આવરણમાં ભારતના ઐતિહાસિક તથ્યોનું વર્તમાનને સાંકળીને આલેખન થયું છે, આ પુસ્તકની કન્નડ ભાષામાં ૩૬ આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી છે અને અનેક ભાષાઓમાં તેનો અનુવાદ થયેલ છે.

● સરદાર પટેલ યુનિવર્સિટીની એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ શતાબ્દી નિમિત્તે તા. ૨૦-૧૨-૨૦૧૩ના રોજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સ્વામી વિવેકાનંદ અને શિક્ષણ' વિષય પર પ્રશિક્ષણાર્થીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સ્વામી વિવેકાનંદના જીવન અને શિક્ષણ વચ્ચેના તાદાત્મ્યને યુવાનોમાં અસરકારક વ્યક્તિત્વ દ્વારા સમાજ નિર્માણ કરવા આ સ્પર્ધામાં સ્પર્ધકોએ હાકલ કરી હતી. તા. ૨૪-૧૨-૨૦૧૩ના રોજ કોલેજમાં 'સ્વામી વિવેકાનંદના શિક્ષણ પરત્વેના વિચારો' પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫ સ્પર્ધકોએ ભાગ લઈ નિબંધ સ્પર્ધામાં બદલાતી શિક્ષણ પ્રણાલી અને શિક્ષણના નવા આયામો સાથે સ્વામી વિવેકાનંદનું શિક્ષણ ચિંતન વ્યક્ત કર્યું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં 'વાલી-શિક્ષક' સંમેલન ડૉ. શીરીષ ચિન્ધાડેના અધ્યક્ષસ્થાને અને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત મંત્રીશ્રી ઘનશ્યામભાઈ શાહના અતિથિ વિશેષપદે તાજેતરમાં યોજાયું હતું.

● સરદાર પટેલ યુનિવર્સિટીની એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન ખાતે ૧૫ ડિસેમ્બર-સરદાર વલ્લભભાઈ પટેલના નિર્વાણ દિને ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન કાર્યક્રમ અંતર્ગત અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના પૂર્વ અધ્યક્ષ ડૉ. મહેશચંદ્ર યાજ્ઞિકનું 'સ્નાતકોત્તર વ્યાવસાયિક તકો' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪માં અનુક્રમે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન તથા વાલીમંડળની સભા તા. ૨૨-૧૨-૨૦૧૩ના રોજ 'ચંચળ બા ઓડિટોરિયમ' ખાતે યોજાઈ હતી.

● તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સરદાર પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, બાકરોલમાં તા. ૫-૧-૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૯-૩૦ કલાકે "પૂર્વ વિદ્યાર્થી સંમેલન" કાર્યક્રમનું આયોજન થયું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં 'ઉદ્યોગપતિઓ અને શિક્ષણકારોનું સંમેલન' સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ભીખુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તથા સંયુક્ત મંત્રીશ્રી ઘનશ્યામભાઈના અતિથિ વિશેષપદે તા. ૨૩-૧૨-૨૦૧૩ના રોજ યોજાયું હતું. આચાર્યશ્રી ડૉ. આર.ડી. મોદીએ ઉદ્યોગપતિઓને આવકારી શિક્ષણ અને ઉદ્યોગ સાથે સેતુ બાંધવાનો સમય આવી ગયો છે તેમ જણાવેલ તથા ઉદ્યોગોની જરૂરિયાત અનુસારના કોર્સ શરૂ કરવા અનુરોધ કરેલ. ત્યારબાદ મહેમાનોનું પુષ્પપ્રતીકથી સ્વાગત કરવામાં આવેલ.

જીઆઈડીસી, વિઠ્ઠલ ઉદ્યોગનગરના નામાંકિત ઉદ્યોગપતિઓ જેવા કે શ્રી જગદીશભાઈ પટેલ, શ્રી મનોજભાઈ પટેલ, એચ.આર. બારડ તથા તેઓની ટીમે પોતાના મંતવ્યોમાં વિદ્યાર્થીઓ ઉદ્યોગ સાહસિક બની શકે તે સદ્રષ્ટાંત સમજાવ્યું હતું. વધુમાં વિદ્યાર્થીઓ ઘણું બધું કરી શકે તેમ છે, ઉદ્યોગોને આગળ ધપાવવા માટે કોમર્સ તો જોઈશે જ તેમ જણાવ્યું હતું. સાથોસાથ વિદ્યાર્થીઓને જ્યારે જરૂર પડે ત્યારે મદદ કરવાની તૈયારી પણ બતાવી હતી.

બી.એન. પટેલ પેરામેડીકલ એન્ડ સાયન્સ (સાયન્સ વિભાગ)ના ડાયરેક્ટર ડૉ. સી.કે. પટેલે યુનિવર્સિટી તથા ઉદ્યોગોના સંબંધો અંગે સદ્રષ્ટાંત માહિતી પાવરપોઈન્ટની મદદથી રજૂ કરી હતી. ડૉ. શિરીષ ચિન્ધાડેએ સ્ટેક હોલ્ડરોના ફાળાને ખૂબ જ પ્રસંશનીય ગણાવેલ. ઉદ્યોગ અને શિક્ષણને સાથે આવવા તથા સારા સંબંધો કેળવવા અનુરોધ કરેલ.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં ગ્રંથાલય વિભાગ દ્વારા 'સામાન્ય જ્ઞાન'ના પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવેલ હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ વર્કના એન.એસ.એસ. યુનિટ અંતર્ગત આણંદ જિલ્લાના જીટોડિયા ગામે વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સમાજલક્ષી, કલ્યાણલક્ષી તથા આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજવામાં આવ્યા. આરોગ્યલક્ષી કાર્યક્રમોમાં વિવિધ રોગો જેવાં કે ટી.બી., કેન્સર, એચ.આઈ.વી., સ્ત્રી રોગો તથા માનસિક રોગો વિશે અને તેનાથી બચવાનાં ઉપાયો વિશે વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું. તથા વિવિધ શિબિરો જેવી કે સ્ત્રી રોગ નિદાન કેમ્પ, આરોગ્ય તપાસ શિબિર, આંખ તપાસ શિબિર તથા ડાયાબિટિશ તપાસ શિબિર પણ રાખવામાં આવી, જેનો મુખ્ય હેતુ ગ્રામજનોને ઓછા ખર્ચે આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવાનો હતો.

આ ઉપરાંત કૌશલ્ય વર્ધન કેન્દ્રમાં મહેંદી હરિફાઈ, વાનગી સ્પર્ધા તથા કેશ ગૂંથન સ્પર્ધા પણ યોજવામાં આવી. એન.એસ.એસ.ના કાર્યકરોએ ગામની સફાઈનો કાર્યક્રમ હાથ ધર્યો. જેમાં સાફ-સફાઈ ઉપરાંત નાકામાં ડોલ-ડબ્બાઓને કચરા પેટી બનાવીને યોગ્ય સ્થળે ઉપયોગ માટે મૂકવામાં આવી.

વિવિધ સામાજિક પ્રશ્નો જેવાં કે સ્ત્રીભૃણ હત્યા, ઘરેલું હિંસા જેવા વિષયો પર સજાગતા ફેલાવવાં માટે પોસ્ટર પ્રદર્શન તથા શેરી નાટકનું પણ આયોજન કરવામાં આવ્યું.

એન.એસ.એસ. કેમ્પનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. જ્યોતિબેન કા. પટેલ, પ્રો. અર્પિતાબેન પટેલ, પ્રો. ભૂમિતભાઈ પરમાર તથા વિદ્યાર્થીઓના સહયોગથી કરવામાં આવ્યું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્કના એન.એસ.એસ. યુનિટ અંતર્ગત આણંદ જીલ્લાના જીટોડિયા ગામે વિવિધ ચિકિત્સા શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય તપાસ શિબિર, ડાયાબિટિસ તપાસ શિબિર, આંખ તપાસ શિબિર તથા સ્ત્રી રોગ તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આણંદ રોટરેક્ટ કલબના ડો. પ્રકર રાજ્યગુરુ અને તેમની ટીમના સહયોગથી નિઃશુલ્ક આરોગ્ય તપાસ તથા ડાયાબિટીસ તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું, જેમાં જીટોડિયાના ગ્રામજનોએ મહત્તમ લાભ લીધો.

યોગી આરોગ્ય કેન્દ્ર, મોગરીનાં ડો. કીરીટભાઈ ત્રિવેદીના સહયોગથી નિઃશુલ્ક આંખ તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું, જેમાં નાના બાળકોથી માંડીને વૃદ્ધો સુધી દરેકે મહત્તમ લાભ લીધો.

આણંદ હોમિયોપેથીક હોસ્પિટલ, આણંદના ગાયનેકોલોજીસ્ટ ડો. સ્વાતિ મહેતાના સહયોગથી નિઃશુલ્ક સ્ત્રી રોગ તપાસ શિબિર યોજવામાં આવી અને ગામની બહેનોને વિના મૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું.

● તાજેતરમાં આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત શ્રી જે. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશિયલ વર્ક એન્ડ એપ્લાઈડ આર્ટ્સ જુનિયર એમ. એસ. ડબલ્યુનાં વિદ્યાર્થીઓ માટે એક રૂરલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું સ્થળ ગામ અણસ્તુ હતું, જે મિયાગામ-કરજણ નજીક આવેલ છે. આ કેમ્પ દરમિયાન શ્રીમતી માલિની કિશોર સંઘવી હોમિયોપેથિક હોસ્પિટલ અને ગૌશાળાની મુલાકાત લેવામાં આવી હતી. આ કેમ્પ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ અને વિશિષ્ટ પ્રકારનાં જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય જનજાગૃતિ કાર્યક્રમો જેવા કે - વ્યસનમુક્તિ રેલી, વિવિધ નાટકો, વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. વળી કેમ્પ દરમિયાન કુરાઈ, ખાંધા, કણભા, પીંગલવાડા, કુરાલી, કરમડી વગેરે ગામનો સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વે ગામનાં લોકોની જીવન શૈલી અને જીવન ધોરણ વિશે માહિતી મેળવવા માટે કરવામાં આવ્યો હતો. વિવિધ પ્રકારનાં વિદ્યાર્થી ઉપયોગી વર્કશોપ જેવા કે - કેરિયર ડેવલોપમેન્ટ, આરટીઆઈ એક્ટ, ગ્લોબલ વોર્મિંગ, પર્યાવરણ અને તેનાં પરિબળો, ગ્રીન હાઉસ અને તેની અસરો તથા પ્રદૂષણ ફેલાવવાનાં કારણો અને દુર કરવા માટેનાં પગલાંઓની ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળના ૬૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજના એન.એસ.એસ. વિભાગના વિદ્યાર્થીઓએ વડીલ વૃદ્ધો માટે ફાળો એકત્ર કર્યો હતો. વળી, તાજેતરમાં લાંભવેલ મુકામે આવેલ વૃદ્ધાશ્રમના સર્વે વયસ્ક વડીલોને આરોગ્યલક્ષી ઉપયોગી ચીજવસ્તુઓનું વિતરણ કર્યું હતું.

● એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે તા. ૧૬ ડિસેમ્બરે સરદાર પટેલના નિર્વાણદિન નિમિત્તે કાર્યક્રમનું આયોજન થયું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં સરદાર પટેલના જીવનના મહત્વપૂર્ણ પ્રસંગો અને તેમના વ્યક્તિત્વનો પરિચય આપતું વ્યાખ્યાન ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા દ્વારા આપવામાં આવ્યું હતું. આ જ કાર્યક્રમ અંતર્ગત પ્રશિક્ષણાર્થી શ્રી ધવલ બારોટે સરદાર વલ્લભભાઈનો પરિચય રજૂ કર્યો હતો, જ્યારે કુ. વૈશાલી ડોબરિયાએ સરદાર પટેલના વ્યક્તિત્વની ઝાંખી કરાવતા કાવ્યનું પઠન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રશિક્ષણાર્થી શ્રી યતીન પટેલે કર્યું હતું.

આ જ દિવસે કોલેજમાં સરદાર વલ્લભભાઈ પટેલના જીવન-કવનને રજૂ કરતા પ્રસંગોનું દર્શન કરાવતા ફોટોગ્રાફ્સનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૪-૧૨-૨૦૧૩ને બુધવારના રોજ સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અને પ્રવચન શ્રેણીના અંતર્ગત ભરતગૂંથણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભરત ગૂંથણ અને પેપર કટિંગ વિશેની માહિતી પ્રકાશભાઈ બારોટ અને રાજુભાઈ બારોટે આપી હતી.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં વિ.જે. પટેલ પ્રેક્ટીસીંગ હાઈસ્કૂલના ધોરણ ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે ગ્રંથાલય મુલાકાતનું તારીખ ૨-૧૨-૨૦૧૩ના રોજ આયોજન કરવામાં આવેલ હતું.

- ચરોતર એજ્યુકેશન સોસાયટી દ્વારા તા. ૩-૪-૫ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ચરોતર એજ્યુકેશન સોસાયટી આણંદ સંચાલિત શ્રી આઈ.જે. પટેલ બી.એડ્. કોલેજ મોગરી દ્વારા રાષ્ટ્રય પુસ્તક મેળામાં વિશેષ આકર્ષણ તરીકે "સર્વ ધર્મ મેળા"નું આયોજન કરવામાં આવ્યું. સર્વ ધર્મ મેળામાં આચાર્ય, અધ્યાપકો તથા તાલીમાર્થીઓ દ્વારા ઈસ્લામ, હિન્દુ, જૈન, બૌદ્ધ, પારસી, શીખ તથા ખ્રિસ્તી ધર્મની માહિતી, ચિત્રો તથા પ્રદર્શન દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા.

- તા. ૧૩-૧૨-૨૦૧૩ના રોજ ચરોતર એજ્યુકેશન સોસાયટી (સ્થાપના વર્ષ : ૧૯૧૬), આણંદ સંચાલિત શ્રી આઈ. જે. પટેલ એમ.એડ્. કોર્સ, મોગરી ખાતે પ્રશિક્ષણાર્થીઓ માટે એક દિવસીય સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત તેર જેટલી ઈન્ડોર સ્પર્ધાઓ-જેવી કે સંગીત ખુરશી, ફુગ્ગા ફોડ, એક મિનિટ, લીંબુ ચમચી, ત્રિપગી દોડ, વગેરે યોજવામાં આવી હતી.

- ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ (સ્થાપના વર્ષ : ૧૯૧૬) દ્વારા સંચાલિત શ્રી આઈ. જે. પટેલ એમ.એડ્. કોર્સ, મોગરીમાં વુમન સેલ અંતર્ગત તાજેતરમાં ડૉ. મનીષા ગોહિલ, (આસિસ્ટન્ટ પ્રોફેસર, પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ;)નું - "Women Empowerment & AIDS Awareness" વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તાજેતરમાં અર્થશાસ્ત્ર ક્લબ અને જ્ઞાનધારાના ઉપક્રમે નાણાંકીય શિક્ષણ વિષયક ડૉ. જયેશ પુજારાનું પ્રવચન યોજાયું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તાજેતરમાં સ્વામી વિવેકાનંદ ક્લબ અને સી.ડબલ્યુ.ડી.સી.ના ઉપક્રમે એ.વી.બી.પી. દ્વારા નારી સુરક્ષા અભિયાન અંતર્ગત પિંકલ ભાટીયાનું શૈક્ષણિક પ્રવચન યોજાયું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તાજેતરમાં શૈક્ષણિક ઉપચાર વિમર્શ કાર્યક્રમ યોજાયો. જેમાં મુખ્ય વક્તા શ્રી કમલેશભાઈ પટેલ (જિલ્લા શિક્ષણાધિકારી (ડી.ઈ.ઓ.)-આણંદ જિલ્લો) હતા. તેમણે પોતાના વક્તવ્યમાં તાલીમાર્થીઓને સંબોધન કરતા જણાવ્યું કે શિક્ષકે હંમેશા વિદ્યાર્થી તરીકેની પોતાની ભૂમિકા ભજવવી પડશે. તે સતત અભ્યાસુ રહેવો જ જોઈએ. તેમણે એમ પણ જણાવ્યું કે જીવનમાં પ્રેરણાનું ખૂબ જ મહત્વ છે. પ્રેરણાથી વ્યક્તિ ધારે તે બની શકે તેમ છે. તેમણે વાંચો, વિચારો અને વિકસો પર ભાર મૂક્યો હતો. શિક્ષક જો હારશે તો સમગ્ર રાષ્ટ્ર હારશે. એમ કહીને શિક્ષકની ભૂમિકા પર વધુ ભાર મૂક્યો હતો.

- ચરોતર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી આઈ.જે. પટેલ બી.એડ્ કોલેજમાં તા. ૨-૧-૨૦૧૪નાં રોજ "પ્રવર્તમાન સમયમાં સ્ત્રીઓનું શોષણ નહીં વર્ચસ્વ વધ્યું છે." વિષય પર પરિવિવાદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આણંદ એજ્યુકેશન કોલેજની પ્રશિક્ષણાર્થી પટેલ આરતી પ્રથમ સ્થાને, શ્રી આઈ. જે. પટેલ બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થી પ્રજાપતિ પ્રદીપકુમાર દ્વિતીય સ્થાને તથા પી.એમ. પટેલ કોલેજનાં શર્મા પ્રજ્ઞેશ તૃતીય સ્થાને રહ્યા હતા. પરિવિવાદ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે બાવીસગામ બી.એડ્. કોલેજનાં અધ્યાપિકા શ્રી અમૃતા માર્શલ, વે-મેઈડ કોલેજનાં એમ.એડ્. ડિપાર્ટમેન્ટનાં અધ્યાપિકા શ્રી શીતલ હેલૈયા હતા.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્કના વિદ્યાર્થીઓએ ગ્રુપ ઓફ પ્રોગ્રેસીવ કોલેજીસ દ્વારા યોજાયેલ ઉડાન યુથ ફેસ્ટીવલ - ૨૦૧૩માં ભાગ લીધો હતો. જેમાં એમ.એચ.આર.એમ.ની વિદ્યાર્થીની રોનક જે. બ્રહ્મભટ્ટે વક્તૃત્વ સ્પર્ધા, કાવ્ય લેખન તથા કાવ્ય પઠન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

- શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજ આણંદ દ્વારા "યુવા મતદાર મહોત્સવ" ૨૦૧૩-૧૪ની ઉજવણીમાં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. તે સ્પર્ધાઓમાંથી કેટેગરી-૧ જીંગલ્સમાં પ્રથમ ક્રમે મુકુલઆનંદ એમ. ચૌહાણ અને બીજા ક્રમે બે વિદ્યાર્થીઓ જેમાં ન્યુટન કે. મોનીતા અને કૃણાલ એન. પટવા જાહેર થયેલ. કેટેગરી-૩ મેસ્કોટ ડીઝાઈનીંગમાં ત્રીજા ક્રમે વ્હોરા હીના વલીમોહંમદભાઈ આવેલ છે.

- સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન ગ્રુપ ઓફ પ્રોગ્રેસીવ કોલેજોએ આણંદ મ્યુનિસીપાલિટીના સહયોગથી "ઉડાન ૨૦૧૩"નું આયોજન તા.૨૧-૧૨-૨૦૧૩ થી તા.૨૪-૧૨-

૨૦૧૩ દરમ્યાન કરેલ હતું. જેમાં શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની રાધિકા ભટ્ટે, ''ક્લાસિકલ વોકલ સોલો''માં દ્વિતીય સ્થાન તથા ''લાઈટ વોકલ સોલો''માં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી કોલેજને ગૌરવ અપાવ્યું.

- યુવા મહોત્સવ ઉડાન - ૨૦૧૩માં શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત આણંદ લો કોલેજના વિદ્યાર્થીઓએ ગ્રૃપ ઓફ પ્રોગ્રેસિવ કોલેજીસ દ્વારા આયોજીત ઉડાન-૨૦૧૩માં બીબીએ, એલએલબીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી જોગીશ રાવલે 'ઈન્ડિયન વોકલ' (સોલો)માં તૃતીય સ્થાન તથા એલ.એલ.એમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધવલ પરમારે 'મિમિક્રી'માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદનાં હીરક જયંતી પ્રસંગની ઉજવણીના ભાગરૂપે તા. ૧-૧-૨૦૧૪ બુધવારના રોજ ''સ્પીક-મેકે'' સંસ્થાના સહયોગથી ''ભારતીય સંસ્કૃતિ-રાજસ્થાની લોકસંગીત''નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં રાજસ્થાની નૃત્ય કલા તથા સંગીત કલાના વિવિધ લોકગીતોને વિવિદ વાદ્ય જેવા કે સારંગી, કમાયચા, ચૌતારા, ભાપંગ, રાવણહથ્થા, ખરતાલ, શેહનાઈ, બંશી, સતારા, પુંગી (બીન), બાંકિયા, નાગફણી, ઢોલ, ઢોલક, મોરચંગના સુર પ્રસ્તુત થયા હતા.

- સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગના ઉપક્રમે, તા. ૨૧થી ૨૩ જાન્યુઆરી ૨૦૧૪ દરમિયાન શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અને વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર, ઉદયપુર (રાજસ્થાન)ના સંયુક્ત ઉપક્રમે ''ભારતીય લોકાનાટ્યઃ પરિસંવાદ અને પ્રસ્તુતિ'' વિષયક એક વિશેષ કાર્યક્રમ યોજાઈ ગયો. એનું ઉદ્‌ઘાટન આપણી યનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢે કર્યું. બીજરૂપ વક્તવ્ય પ્રો. સિતાંશુ યશશ્ચંદ્રએ આપ્યું. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. હર્ષદ ત્રિવેદી ખાસ હાજર રહ્યા હતા. આ પરિસંવાદમાં ભારતીય લોકનાટ્યઃ સ્વરૂપ અને પ્રકાર અંગે રાજુ બારોટ, ગુજરાતી લોકનાટ્ય ભવાઇ અંગે નિસર્ગ ત્રિવેદી અને વિનાયક રાવલ, રાજસ્થાની લોકનાટ્યઃ ખ્યાલ અંગે ડૉ. લઇક હુસૈન અને મરાઠી લોકનાટ્ય તમાશા અંગે ગણેશજી ચંદનશિવે નિદર્શન સાથેના વક્તવ્યો આપ્યા હતા. વળી, આ પરિસંવાદમાં ત્રીસ જેટલા શોધપત્રો પ્રસ્તુત થયા હતા. પરિસંવાદના ત્રણે દિવસે સાંજે અનુક્રમે તમાશા, ખ્યાલ અને ભવાઇનું પ્રસ્તુતિ થઇ હતી.



Continued...from Page 1

termed as 'India' of the upcoming entrepreneurs! So what is the way out of this challenge of bridging the chasm that exists between two Indias?

The specimen gesture for offering a solution to this social crisis is also provided by the same city of Aurangabad. The daily newspaper Dainik Bhasker, under the 'Joy of Giving Week', in collaboration with these buyers of luxurious cars, has organized a free long drive in these cars, for the poor children studying in Municipal schools on Sunday, 06th October, 2013. The news of this event on the front page of the newspaper shows a photograph with a long line of luxurious cars, decked with colorful balloons held by the joyous children, their faces exuding unbound exuberance! This gesture on the part of the group of urban rich industrialists of Aurangabad city should be read as an iconic one in the direction towards the minimizing the ever-widening chasm between the rich and the poor in India. Their gesture lends a comforting contrast to the dismal scene of obsessive race for material gains and self-absorption in urban regions of India. No matter a gesture on rather a small level, this event, as a volunteering act, should inspire such gestures on a more collective and extensive level. This kind of volunteering can promise to bring about a change in people's attitude by sensitizing them to the reality of a major, but marginalized, class of Indian society. Thus, Volunteering, generally considered an altruistic activity, and intended to promote good or improve human quality of life, can secure a social equilibrium in a time to come and thereby can prevent the threat of social disintegration of India.

We, as Indians, may pride ourselves as a democratic country, but at the same time, we should not forget the fact that the democracy that we are practicing is only in formal and procedural senses, i.e. as an interlinked set of institutional practices of electoral and parliamentary democratic structures. Mahatma Gandhi was substantially unimpressed by this version of democracy, though not always opposed to it, as made explicit by him in his book Hind Swaraj. The central thrust of this book is the wholesale rejection of the unrestrained pursuit of self-interest and self-indulgence at the expense of shared ethical commitments to the public good. His concept of Sarvodaya has its corollary in the concept of Antyodaya, meaning that the overall progress of the society can have its ethical legitimacy only if its riches reach to the last man in the society. And volunteering, on an individual as well as collective/institutional level, can assist in obtaining this collective social goal, by reducing the gulf between 'India' and 'Bharat'.

**- Manish Solanki**

## Governance

• **Election of Two representatives of Principals of Colleges** on the Academic Council under the provision of Sardar Patel University Act, Section 23 A (1) Class-II other members (i):

**Dr. Varmala Tirathram Bhamwari** (M.A., M.Ed., Ph.D.), Principal, Anand Education College, Anand and **Dr. Bhavesh Dineshbhai Patel** (B.Sc., M.Sc., Ph.D., M.B.A. (HR)), Principal, Vitthalbhai Patel & Rajratna, P.T. Patel Science College, Vallabh Vidyanagar being the only validly nominated candidates from amongst themselves on the Academic Council are declared duly elected under Statute 134 (b) of the Sardar Patel University Act.

• સરદાર પટેલ યુનિવર્સિટીને ગુજરાત સરકારના માર્ગ મકાન વિભાગ, ગાંધીનગર તરફથી વિવેકાનંદ સમરસ હોસ્ટેલ યોજના અંતર્ગત એસ.ટી./એસ.સી./ઓ.બી.સી.ના વિદ્યાર્થી છોકરા તેમજ છોકરીઓ માટે હોસ્ટેલ ગુજરાત સરકાર બાંધકામ કરી આપશે તે અંગેની જાહેરાત થઈ છે, જેની યુનિવર્સિટીના બાકરોલ ખાતે બાયોસાયન્સ વિભાગની જમીનના સર્વે નં. ૧૧૫૨/૨ ઉપર મંજૂરી મળેલ છે. આ હોસ્ટેલના બાંધકામ માટે ગુજરાત સરકાર દ્વારા રૂા. ૩૮.૪૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ માટે યુનિવર્સિટી દ્વારા ૧.૫૫ એકર જમીન સરકારશ્રીને ફાળવેલ છે.

આ હોસ્ટેલ વિદ્યાર્થી છોકરા તેમજ છોકરીઓ માટે અલગ અલગ બનાવવામાં આવશે. આ બન્ને હોસ્ટેલના બાંધકામનો વિસ્તાર ૧૫૦૦૦ ચોરસ મીટર રહેશે. જે પૈકી એક હોસ્ટેલનું બાંધકામ પાર્કિંગ સાથે ૩ માળનું રહેશે. આ બંને હોસ્ટેલમાં કુલ ૨૬૫ રૂમોનું બાંધકામ કરવામાં આવશે. જેમાં અદ્યતન સુવિધાઓ જેવીકે ફર્નિચર, વરસાદી પાણીના સંગ્રહ, અગ્નિ શામક રક્ષણ, ભૂકંપ પ્રતિરોધક બાંધકામ, ૨૪ કલાક પાણીની સુવિધા માટે બોરવેલ, ઈન્ટરનલ ટ્રીમીક્ષ રોડની સુવિધા અને લીફ્ટની સુવિધા હશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે સ્વચ્છ અને સુંદર વાતાવરણ માટે બાગ-બગીચા, વૃક્ષોનું રોપણ તેમજ ૨૪ કલાકની સિક્યુરિટીની સુવિધા હશે. હોસ્ટેલની ચારેય બાજુએ ઉંચી દીવાલ ઉભી કરવામાં આવશે. આ સાથે એક મેડિકલ રૂમ તેમજ રેક્ટર માટે એક રેક્ટર ક્વાર્ટરની સુવિધા પણ આપવામાં આવશે. વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ખાસ સવલતો પણ આપવામાં આવશે.

ગુજરાત સરકારનો આ હોસ્ટેલનું બાંધકામ કરવાનો નિર્ણય બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે ફળદાયી નીવડશે જ. યુનિવર્સિટીએ સરકારની યોજનાને વધાવી છે અને આ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરવા માટે સરકારશ્રીનો આભાર માન્યો છે.

### સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમમાં "કૃષ્ણલીલા"ની થીમ પર ૪થી ૧૦ જાન્યુઆરી ૨૦૧૪ દરમિયાન મ્યુઝિયમ સપ્તાહ નિમિત્તે આયોજીત પ્રદર્શન

સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમ વિભાગ દ્વારા તા. ૪થી ૧૦ જાન્યુઆરી ૨૦૧૪ દરમિયાન એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. "કૃષ્ણલીલા" નામના આ પ્રદર્શનમાં શ્રીમ્ હેન્ડીક્રાફ્ટ, અમદાવાદ સાથેના સંયુક્ત ઉપક્રમે વર્તમાન કલાકારો દ્વારા ચિત્રિત ભારતીય શૈલીના લઘુચિત્રો અને પીછવાઈ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ સાહેબના હસ્તે તા. ૪ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે મ્યુઝિયમ વિભાગ ખાતે કરવામાં આવ્યું. આ પ્રસંગે યુનિવર્સિટીના અધિકારીઓ અને શિક્ષકગણ ઉપરાંત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રદર્શનમાં શ્રીકૃષ્ણના જીવન પર આધારીત લઘુચિત્રો અને પીછવાઈ પ્રદર્શિત કરવામાં આવ્યા, જેમાં મુખ્યત્વે શ્રીકૃષ્ણની બાળલીલા, રાધાકૃષ્ણની પ્રણયલીલા, રાસલીલા ઉપરાંત યમુના તટ અને વૃંદાવનના દશ્યો વગેરેનો સમાવેશ થાય છે.


આ પ્રદર્શનનો હેતુ લુપ્ત થતી જતી લઘુચિત્રકળાને ઉજાગર કરવાનો છે.

આ ઉદ્‌ઘાટન વેળાએ મ્યુઝિયમ બ્રોશરનું પણ અનાવરણ કરવામાં આવ્યું. એમાં મ્યુઝિયમની સ્થાપનાથી માંડી એના વિકાસ અને એમાં સંગ્રહિત કલાકૃતિઓની વિગતો પ્રગટ કરવામાં આવી છે.



# ફોટોગ્રાફી અને શોર્ટ ફીલ્મની રાષ્ટ્રીય સ્પર્ધા







વાઈબ્રન્ટ ગુજરાત નેશનલ એજ્યુકેશન સમીટ-૨૦૧૪ અંતર્ગત સરદાર પટેલ યુનિવર્સિટી અને સીવીએમ કોલેજ ઑફ ફાઈન આર્ટ્સ, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ફોટોગ્રાફી અને શોર્ટ ફિલ્મની રાષ્ટ્રીય સ્પર્ધા યોજાઇ હતી. શોર્ટ ફિલ્મ માટે વિઝન ઇંડિયા, વિઝન ઑફ સ્વામી વિવેકાનંદ, સોશ્યલ મેસેજ જેવા વિષયો સ્પર્ધકોને આપવામાં આવ્યા હતા. આ વિષયો પર પાંચથી આઠ મિનિટની ફિલ્મ બનાવવાની હતી. ફોટોગ્રાફી સ્પર્ધા માટે વિષયો હતાઃ જીવન, વારસો, યુવા ભારત અને ઉત્સવ. આ સ્પર્ધામાં ૨૫ શોર્ટ ફિલ્મ અને પાંચસો પચાસ જેટલા ફોટોગ્રાફ્સ પ્રાપ્ત થયા હતા. એમાંથી ૧૧ શોર્ટ ફિલ્મ્સ અને ૧૧ ફોટોગ્રાફ્સને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સર્વશ્રી આશિષ કક્કડ, રણજિત ગઢવી અને અભિષેક વ્યાસે શોર્ટ ફિલ્મ સ્પર્ધા માટે તથા સર્વશ્રી મુકેશ આચાર્ય, લાલજી વાઘ અને સુનિલ આડેસરાએ ફોટોગ્રાફીની સ્પર્ધા માટે નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. આ સ્પર્ધાના સમાપન પ્રસંગે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ ડૉ. જયંતિ રવિ અને યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. હરીશ પાઢ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધાના સંયોજક તરીકે કનુ પટેલ અને ક્રિષ્ણા પડિયાએ સેવા આપી હતી.